# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૯ સપ્ટેમ્બર, ૨૦૦૦

**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
મમતા ગૌસ્વામી
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


**દમન**

**દમનકર્તાઓનો સ્વાર્થ દલિતોની ચેતના બદલવામાં રહેલો છે, નહી કે દમનકારી પરિસ્થિતિ** (સિમોન દ બુવા)

કારણ કે જેટલી સહેલાઈથી દલીત દમનકારી માળખાને અનુરૂપ થાય, તેટલી સહેલાઈથી તેમના ઉપર દમનકર્તા અધિપત્ય જમાવી શકે. આ ધ્યેધ પુરુ પાડવા માટે શૈક્ષણિક માળખાનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં વિધાર્થીઓને અચેતન બનાવી દેવામાં આવે છે. આ સાથે જ દમનકર્તા દવારા પોકળ ઔદાર્ય, ઉપરછલ્લો પ્રેમ અને ભ્રમણાનુંએક આખું માળખુ ઉભું કરવામાં આવે છે. જેમાં દલિતોને કલ્યાણકારી યોજનાનાં લાભાર્થી નું બિરુદ અપાય છે. અને આદર્શ સમાજના ઢાંચામાં આવી પડેલી વિકૃતિ ગણવામાં આવે છે. આથી સમાજની જવાબદારી બને છે કે તે આવા વ્યકિતઓને અનુરુપ થાય અને તેમનું માનસ બદલીને પોતાનાં માળખામાં સ્થાન આપે.

દલિત સમાજની બહાર જીવતા નથી. તેઓ સમાજનાં ઢાચામાં રહે છે. હરહમેશા રહેતા આવ્યા છે. દલીતો પોતાનું અલગ અસ્તિત્વ રાખી શકે પણ જો દમનકારી વ્યવસ્થામાં પરિવર્તન આવે તો દમનકર્તાઓના ગેરવ્યાજબી વિશેષાધિકારો છીનવાઈ જાય. આ કારણે તેઓ વિધાર્થીઓને મૂક, નિષ્પ્રાણ બનાવતી શિક્ષણપ્રથાનો ઉપયોગ કરી ને તેમનામાં જાગૃતિ ન આવે તેવા પ્રયત્નો કરે છે. વિધાર્થીઓ ટીકાત્મક અભિગમ ન કેળવે એ માટે તેમના મન, વિચારશકિતને બુઠ્ઠી બનાવવાના પ્રયત્ન થાય છે. જો આવી જ શિક્ષણવ્યવસ્થા પ્રૌઢ શિક્ષણ માટે અપનાવવામાં આવે તો તે વિધાર્થીઓને કયારેય સામાજીક વાસ્તવિક ટીકાત્મક રીતે જોવા પ્રોત્સાહિત નહી કરી શકે. તેઓ ખૂબ અગત્યના વિષદ પ્રશ્ન ની ચર્ચા કરશે. "ઘેટાને લીલુઘાસ ખવરાવવુ કે ગધેડાને" શિક્ષણપ્રથાનું આ પોકળ ઔદાર્ય, ખોટી માનવતાનુ એક મહોરું છે. આવા શિક્ષકનો ખરો હેતુ માનવને હુકમનું પાલન કરતા યંત્રમાં પરિવર્તિત કરવાનો છે. આ શિક્ષણ–પ્રથા માનવ બનવાના અંતિમ ધ્યેયનો નિષેધ છે.

જયારે આવા કથાત્મક ભાષણ આધારિત શિક્ષણનો જાણે યા અજાણે ઉપયોગ કરવામાં આવે ત્યારે શિક્ષકો ભૂલી જાય છે કે, પોતાના ભાષણ માં ઘણા એવા પાંસા રહેલા છે કે જેમાં વાસ્તવિકતા વિશે વિરોધાભાસી મંતવ્યો રજુ કરવામાં આવ્યા છે. આ વિસંવાદિતા જ મૂક વિધાર્થીઓમાં પ્રશ્નો ઉભા કરશે. જેને કારણે તેઓ પોતાને અને વાસ્તવિકતાને બંધિયાર બનાવવાના, પાલતુ જાનવર બનાવવાના સઘળા પ્રયત્ન વિફળ બનાવશે. તેઓ સભાન થશે કે તેમના દલિત તરીકેના હાલ ના જીવન અને માનવ બનવાના તેમના અંતિમ ધ્યેયમાં કોઈ સુમેળ નથી. વાસ્તવિકતા વિશે સભાનતા મળતાં તેમને જણાશે કે વાસ્તવિકતા હકીકતમાં એક પ્રક્રિયા છે. જે હરહમેંશ પરિવર્તન પામી રહી છે. તેમને આ વિસંવાદિતાનું ભાન થશે અને ખ્યાલ આવશે કે શિક્ષણની પ્રથા તેમને દલિત રાખવાની પ્રણાલીનો એક ભાગ છે.

જયારે તેમનુ અંતિમ ધ્યેય સાચા અર્થમાં માનવ બનવાનું છે. આ સભાનતા તેમને મુકિત–સંગ્રામ કરવા પ્રેરશે. પરંતુ ખરા માનવતા વાદી, ક્રાંતિકારી શિક્ષણથી પરિસ્થિતિ બદલવાની રાહ જોઈને બેસી ન રહેવાય. શરૂઆતથી તેમના પ્રયત્નો ટીકાત્મક અભિગમ કેળવવા મથતા વિધાર્થીઓને સાથે રહી ને પરસ્પરના માનવીકરણની દિશામાં હોવા જોઈએ. આ પ્રયત્નો ઉપરછલ્લા હોય તો ના ચાલે. **ક્રાંતિકારી શિક્ષણમાં માનવ અને તેની સર્જનાત્મક શકિત પ્રત્યે અખૂટ શ્રધ્ધા હોવી જરૂરી છે.**

શિક્ષક–વિધાર્થીના વિરોધાભાસી સંબંધો દૂર થાય અને જ્ઞાનની શોધમાં બધા જ – શિક્ષક અને વિધાર્થી–સહભાગી બને ત્યારે જ આ શ્રધ્ધા કેળવાય. પરંતુ જયાં શિક્ષકને શરાફીની પેઢી ગણવામાં આવે ત્યાં શિક્ષક અને વિધાર્થી વચ્ચે આવો સહયોગ, સમન્વય શકય નથી. અને શા માટે હોય ? આ શિક્ષણ તો દમનકર્તાનું સાધન છે. શિક્ષક–વિધાર્થીની વિસંવાદીતા દૂર થાય, શિક્ષક ભાષણકર્તા મટે, જ્ઞાનની થાપણ મૂકતો બંધ થાય, **વિધાર્થીઓને પાલતુ જાનવર જેવા નિષ્ક્રિય કરવાનું બંધ થાય** તો શિક્ષણ દમનકર્તાનું સાધન મટીને મુકિતદાતા બને.

ઘણીવાર દલીતો કોઈ પ્રભાવી વ્યકિતત્વના નેતાના અનુયાયીઓ બને છે અને એવી ભ્રમણામાં રાચે છે કે પોતે કાર્યક્ષમ છે અને પ્રભાવી છે. દમનકર્તાઓને આવી ક્રાંતીનો ઈલાજ વધુ અધિપત્ય, વધુ દમનમાં જણાય છે. આ દમન તેઓ સમાજ ની શાંતિ, સુમેળ અને મુકિતના નામે કરે છે.

**અન્ય સાથેના સુખદ સંબંધો એ જીવનનો સૌથી મોટો લહાવો છે. –સોરેન્સન**

દમનકારી માળખાના સાતત્ય માટે ઘડાયેલું આ શૈક્ષણિક માળખુ વિધાર્થીઓમાં નિષ્ક્રિયતા અને અચેતન તત્વોને વધુ પ્રોત્સાહિત કરે છે.તેઓને દમનકારી માળખાને અનુરૂપ થવા,તેમાં ગોઠવાઈ જવા પ્રેરેછે.દમનકારી શિક્ષણપ્રથાનું પૃથકકરણ અને તેની ઉપરના આરોપ કોઈ ભોળપણમાં નથી કરવામાં આવ્યા.આરોપ કરવાથી દમનકર્તા પોતાનું દમન છોડવાનો નથી.શૈક્ષણિક પધ્ધતિની ટીકા પાછળનો હેતુ જુદો છે.ખરા માનવીય સમાજ અને મુકિત સંગ્રામની આશા રાખતા દરેક વ્યકિતએ સભાન થવું પડશે કે જો તેઓ મુકિત સંગ્રામમાં અન્યને અચેતનમાં રુપાંતરિત કરતી શૈક્ષણિક પ્રણાલિનો ઉપયોગ કરશે તો મુકિત નહી મળે.આ શિક્ષણ મુકિત–સંગ્રામને દબાવી દેવા માટે રચાયેલું છે.તે ક્રાંતિને દબાવી દેશે. આ સાથે જ એક ક્રાંતિકારી સમાજે,દમનકારી સમાજે આપેલા શૈક્ષણિક માળખાનો અસ્વીકાર કરવાનો છે.જો ક્રાંતિકારી સમાજ આવી શિક્ષણ પ્રણાલિનો ઉપયોગ કરશે તો તે સમાજ કયાં તો ગેરમાર્ગે દોરાયેલો છે. અથવા તો તે સમાજને પણ માનવશકિતમાં અંધ્ધશ્રધા છે.

(પોલો ફેરેરેના અભ્યાસ લેખમાથી ઉન્નતિ અમદાવાદ એ કરેલ ગુજરાતી અનુવાદમાથી સાભાર.)

**મહિલા સ્વરાજ અભિયાન સાથે જોડાયેલા સંસ્થાના કાર્યકરો તેમજ સક્રિય મહિલા સરપંચો માટેનો તાલીમ કાર્યક્રમ.**

તા.૨૮,૨૯,૩૦ ઓગષ્ટ–૨૦૦૦ દરમ્યાન મહિલા સ્વરાજ અભિયાન એ યોજેલ તાલીમમાં ૫૦ પૈકી ૨૦ સંસ્થાઓ જોડાઈ.હાલ ગુજરાતનાં વિવિધ જીલ્લાના૩૦ તાલુકાઓ માં મહિલા સરપંચો/સભ્યોનાં સશિકત કરણના મુદા ઓ પર કામ ચાલી રહયુ છે. જેમાં ખાંભા તાલુકા માંથી સંસ્થાના એક કાર્યકર તથા ધાવડીયાના સરપંચ મંજુલાબેન જોષી આંબલીયાળા ના સરપંચ ગગુબેન મકવાણા જોડાયા હતા.કાર્યક્રમની શરૂઆતમાં દરેક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સરપંચ બહેનોએ પોતાના વિસ્તારનું પ્રતિક રજુ કરી પોતાનો પરિચય આપ્યો અને સરપંચ બહેનો એ પોતાના કાર્યકાળ દરમ્યાન શું કાર્યો કર્યા અને કેવા પ્રશ્નોનો સામનો કરવો પડયો તેના પર પોતાના અનુભવો રજુ કર્યા .

૧.કરેલ કામની બાબતમાં મોટા ભાગના બહેનોએ પોતાના કાર્યકાળ દરમ્યાન સિમેન્ટ રોડ,કમ્યુનીટી હોલ,પાણીના બોર,બોરમાં મોટર મુકવી,પાણીના ટાંકા બનાવવા,અવેડા, શાળાના ઓરડા,શાળા રીપેરીંગ,રસ્તા પર નાલુ બનાવવું વિ.કામગીરી કરી છે.

૨.અખંડ જયોત ફાઉન્ડેશન–મહેમદાબાદ સંસ્થા સાથે આવેલ સરપંચે પાંચ વર્ષ સુધી સરપંચ રહી જાતે સક્રિય કામગીરી કરેલ છે.તેમણે કહયુ કે આ વખતે તાલુકા પંચાયતની સીટ પર ચુંટણી લડી તાલુકા પ્રમુખ થવું છે.

૩.'ગૃપ' સંસ્થા બાવળા સાથે જોડાયેલા જેકડા ગામના પંચાયત સભ્ય શ્રીમતિ કંકુબેને ગામમાં રોડ બનતો હતો તેનુ એસ્ટીમેટ માંગ્યુ.સરપંચે ન આપ્યુ અને માથા કુટ થઈ,અંતે એસ્ટીમેટ પ્રમાણે કામ થયું તેમણે બીજુ કામ દારૂ બંધી પર કર્યું.તેમણે દારૂ વેચનાર સામે ફરીયાદ કરી.પોલીસ તેમને પકડી ગયા અને બીજે દિવસે છોડી મુકયો જેથી બહેને વિરાધ કર્યો.જેના કારણે તેને ગામ છોડવુ પડયું. 'ગૃપ' અને 'અસાગ' તેની મદદે આવ્યા હાલ હાઈકોર્ટમાં આ બાબત કેસ ચાલે છે.

૪.વેડછી સંસ્થા સાથે જોડાયેલ સરલાબેને આદર્શ ગામ માટે ૩ લાખ રૂપિયા મળ્યા તેનો ડામર રોડ બનાવવાનું નકકી કયું પુરૂષ સભ્યો તેમજ માજી સરપંચે વિરોધ કર્યો. ગામની બહેનોને સાથે રાખી કાર્ય પુર્ણ કર્યુ. તેમને કહયું કે હજુ પણ સરપંચ માં રહુ તો ચુંટાઈ જાઉ તેવી સ્થિતી ઉભી કરી છે.

૫.સર્વાગાણ ગ્રામ વિકાસ સંસ્થા–પ્રાંતિજ સાથે જોડાયેલા સુશીલાબેને કહયુ કે ગામના રોડ પર ઘણા વર્ષોથી દબાણ હતું તે દૂર કરાવી ૩૦ ફુટ રોડ બનાવ્યો છે.

૬.શ્રમિક વિકાસ સંસ્થા ભીલોડા સાથે જોડાયેલા.ભીલોડા તાલુકાના પુનાસણ ગામના ડાહી બેન કાપડીયા ગામમાં સારૂ કામ કરે તે ગામ લોકો ને ન ગમે જેથી અરજીઓ કર્યા કરે છતા હિંમત થી કામ કર્યા છે.ગામના ગૌચરમા દબાણ હટાવ્યુ છે. કમ્યુનીટી હોલ બનાવવાના કામ પર ઉકરડો હતો તે લેવરાવી ત્યાં જ કમ્યુનીટી હોલ બનાવયો.

૭.'સ્વાતિ'સંસ્થા જોડાયેલા ધોળી ગામના પ્રભાબેનને વિધવા બહેનોને સહાય અપાવવા માટે ના ફોર્મ ભરવામાં ભારે તકલીફ પડી છે. દાખલાઓ કાઢી આપવામા તંત્રની બેદરકારીમાં સ્વાતિના માર્ગદર્શનથી કામ આગળ વધ્યુ અને બહેનોને વિધવા સહાય શરૂ કરાવી.સરપંચમાં ચુંટાઈ આવ્યા ત્યારે ગામમાં પાણી ની બહુ તંગી હતી.જેથી બહેનોના પંશ્નો આવતા અને આખા ગામની બહેનો ની ગાળો ખાવી પડતી.પાણી માટેના કામો કર્યા હવે પાણી માટેનું સુખ છે.

૮.આગાખાન સંસ્થા–નેત્રંગ સાથે જોડાયેલા પાટડી ગામનાં ધર્મીબેન વસાવા સરપંચ તરીકે જનરલ સીટમાં ચુંટાયા છે. ગામના માજી સરપંચે વિરોધ કર્યો અને વિરોધ વચ્ચે ૪ વર્ષ કાઢયા છે.માજી સરપંચે કહયુ કે તે મારૂ ગામ પડાવી લીધુ છે.તેમ કહી ઝગડો કર્યો ત્યારે કહી દીધુ કે ' લે બંગડી પહેરી લે પછી સરપંચ ની સીટ પર બેસ જે ' આજ સંસ્થા સાથે જોડાયેલા સરપંચ સેવંતીબેન ૪ વર્ષથી સરપંચ તરીકે કામ કરે છે.જંગલમાં એક મંદિર છે ત્યાં શીવરાત્રી ના દિવસે માત્ર પુરૂષો જ દર્શન કરવા જાય છે.સ્ત્રીઓ માટે વર્ષોથી દર્શન કરવાનો પ્રતિબંધ હતો.તેમણે બહેનો ને જાગૃત કરી

પુરૂષોનો સામનો કરી દેવના દર્શને ગયા.અત્યારે બહેનો વિના સંકોચે દર્શન કરવા જઈ શકે છે.

૯.આનંદી –દેવગઢબારીયા સાથે જોડાયેલા સનડીબેન સરપંચ અને રસીલાબેન રાઠવા પંચાયતના સભ્ય છે.અમારા ગામમાં શાળાનાં શિક્ષક કયારેક આવે અને કયારેક ન આવે તેને નિયમિત કરાવ્યા.ગામમાં શાળાના રૂમની માંગણી કરાવી.અત્યારે ઓછા છોકરા આવે છે સંખ્યા વધે તો રૂમ બંધાવીએ.બહેનોએ જવાબદારી લીધી અને અત્યારે ૧૨૦ છોકરા–છોકરીઓ ભણવા આવે છે. આ ઉપરાંત રેશનકાર્ડ,દારૂબંધી પર પણ તેઓ એ કામ કર્યુ છે.

૧૦.ખાંભા તાલુકા ના આંબલીયાળા અને ધાવડીયા ગામના સરપંચ બહેનોએ પોતે કરેલ સિમેન્ટ રોડ,પંચાયત ઓફિસ,પાણીનો ટાંકો,સ્કુલ રૂમ,અવેડો,બોરપર મોટર મુકવી,રસ્તા પર નાલુ બનાવવુ વગેરે જે કામો કર્યા તેની વિગતો આપી હતી.

**સંસ્થા સમાચાર**

–તા.૩૦/૮/૨૦૦૦ નાં રોજ નાબાર્ડ તથા જુનાગઢ અમરેલી ગ્રામિણ બેંક દવારા હોટલ ' ઉત્સવ ' અમરેલી ખાતે સ્વ–સહાય જૂથો પર સેમિનાર યોજવામાં આવ્યો .બેંક અધિકારીઓ તથા સ્વૈછિક સંસ્થાઓ વચ્ચે સ્વ– સહાય જુથનાં સંચાલન અને ગઠન પર પરામર્શ કરવામાં આવ્યો. શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રનાં પ્રતિનિધિઓ શ્રીમતિ કંચનબેન વાગડીયા,પૂર્વી ત્રિવેદી તથા તહેમીના આફ્રિકાવાલાએ સંસ્થા દવારા રચાયેલા ૭૨ જૂથો ની વિગતો પોતાના અનુભવો સાથે રજુ કરી .આ સેમિનારમાં અમરેલી જુનાગઢ ગ્રામિણ બેંકના ચેરમેન શ્રી તથા નાબાર્ડનાં અધિકારીશ્રીઓ એ માર્ગદર્શન આપ્યું.

– તા.૪/૯/૨૦૦૦ નાં રોજ ધાવડીયા ગામે વોટરશેડ કમિટીની મિટીગ મળી.જેમા સમિતીનાં સભ્યોમાંથી ૩ મહિલા સભ્યો સહિત ૯ સભ્ય હાજર રહયા હતા.૩ ત્રણ મહિલા પૈકી સભ્ય શ્રીમતિ મંજુલાબેન જોષી જે ગામનાં સરપંચ છે.મિટીગના મુદા ની ચર્ચા પુરી થયા પછી સરપંચ બહેને જણાવ્યુ કે આ સમિતિ ની જેમ આપણા ગામમાં પંચાયત ની મિટીગ નિયમિત કરવી છે.હુ 'મહિલા સ્વરાજ અભિયાન' ની તાલીમમાં અમદાવાદ ગઈ ઉતર તથા દક્ષિણ ગુજરાતની બહેનો જાતે મિટીગ બોલાવે છે.૩૫ વર્ષ માં જે કામો ભાઈઓએ નથી કર્યા તે બહેનો એ કરી બતાવ્યા છે.આપણે પંચાયતે સાથે મળીને ગામનાં ગૌચરમાં જે દબાણ થયું છે. તે હટાવવું છે,દર વર્ષે બે ગ્રામ સભા બોલાવવી છે,તેમજ તલાટી નિયમિત પંચાયતમાં આવે તે માટે તલાટીને મળી વાર નકકી કરી લેવા છે.વોટરશેડ સમિતીમાં પણ બહેનોની સક્રિય ભાગીદારી જરુરી છે.

–તા.૪/૯/૨૦૦૦ નાં રોજ લાસા ગામે કારોબારી સમિતી ની મિટીગ મળી.એન્ટ્રીપોઈન્ટ નું કામ ગામનાં પાદરમાં ગામના કૂવા પાસે નિર્મળનીર બનાવેલ હતું,તેના પર પાકો નિહાર અને તેમાંથી માટી કાઢી ઉંડુ કરવાનું કામ ગામ લોકોએ કર્યુ.આ કામથી ગામ લોકો પ્રભાવિત થયા છે.ગામનાં શ્રી ગોબરભાઈ રામજીભાઈ ગામનાં ખરાબ કામ થતું હોય તેનો બહુ વિરોધ કરે.ગોબરભાઈ વોટરશેડ કમિટીમાં સભ્ય પણ છે. આ કામ શરૂ હતું તે દરમ્યાન અવાર–નવાર મુલાકાત લેતા અને કામનું નિરીક્ષણ કરતા. આ કામ જોઈ તેમને ખૂબ આનંદ થયો. તેમણે તા.૪/૯/૨૦૦૦ ની મિટીગમાં કહયુ કે વોટરશેડ ના આટલા સરસ કામ થાય છે તો આપણે સંસ્થાને સહકાર આપવો જોઈએ જેથી વોટરશેડ સિવાય પણ બીજા કામો આપણા ગામમાં થઈ શકે.

–ખાંભા તાલુકાની જીલ્લા પંચાયત ચુંટણીના બે મતદાર મંડળો નો સર્વે હાથ ધરવામાં આવ્યો.જેમાં ઉમેદવારી કરવા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા,ફોર્મ ચકાસણી,ફોર્મ પાછા ખેંચવા,ચુંટણીનું પ્રચારતંત્ર,આચારસંહિતા,ઉમેદવારનો પ્રચાર ખર્ચ અને તેની પધ્ધતિઓ,મતદારોનું વલણ,મત આપવા માટે ઉમેદવારની પસંદગીનું ધોરણ,મતગણતરી દરમ્યાન ઉમેદવાર,ટેકેદાર તથા લોકોની પ્રતિક્રિયા વિ.બાબતો નો અભ્યાસ સંસ્થાના સાથી મિત્રો શ્રી વજુભાઈ ગોવિંદીયા,મમતા ગૌસ્વામી,ધર્મેન્દ્ર મહેતા તથા ભારતીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યો.આ અભ્યાસ માટે પ્રેરક તરીકે ઉન્નતિની ભૂમિકા રહી હતી.

–૬ સપ્ટેમ્બર નાં રોજ ધાવડીયા મુકામે સાક્ષરતા દિનની ઉજવણી કરવામાં આવી.જેમાં ૫૦ જેટલા સ્ત્રી–પુરૂષો હાજર રહયા હતા.સંસ્થાનાં કાર્યકર્તા ભાઈ–બહેનો એ અક્ષર જ્ઞાનનું મહત્વ સમજાવી નિરક્ષરોને પડતી મુશ્કેલી , સાક્ષર બનાવવા કેવા–કેવા કાર્યક્રમો કરવા અને આ સંસ્થા એમાં કયા પ્રકારનો સહકાર આપશે તે બાબતે ચર્ચા કરી હતી. ગામનાં આંગણવાડી કાર્યકર શ્રીમતિ ચંદ્રિકાબેન રવૈયાએ ગામની અભણ બહેનો ને અક્ષરજ્ઞાન મેળવવા અપીલ કરી.

–સંસ્થાઓના પોતાના શાસન માટે સંસ્થાઓના વડાઓની એક કાર્ય શિબિર પુના મુકામે તા.૧૨–૧૩ દરમ્યાન યોજાઈ. આ શિબીર ઉન્નતિ તથા પ્રિયાએ સાથે મળીને યોજેલ. સંસ્થાઓના પોતાના શાસન માટેની ચર્ચા શિબીર પ્રથમ વાર થઈ.જેમાં આ સંસ્થાના પ્રમુખ શ્રીએ ભાગ લીધો હતો. પુના સ્થિત બાયફ સંસ્થાના સંકુલમા યોજાયેલ આ કાર્યક્રમમાં તે સંસ્થાના શાસન વિશે માહિતી મળી હતી. સંસ્થાઓની ગવર્નીગ બોડીના સભ્યો માટે આ પ્રકારનો કાર્યક્રમ યોજવા નકકી કરવામા આવ્યુ

**મહિલાઓની શકિત વધી પંચાયતો મારફતે**

**" સ્ત્રી પર થતાં અન્યાય.. "**

આ કેવા દંભી અને ખોખલા સમાજમાં આપણે જીવી રહયા છીએ તે જ સમજાતું નથી.એકાદ અરૂંધતી રોય બુકર પ્રાઈઝ જીતી લાવે કે એકાદ કલ્પના ચાવલા અવકાશમાં આંટો મારી આવે એમાં આપણે છાતી ફૂલાવી ને ફરીએ છીએ,અને એકવીસમી સદીમાં પહોચી ગયા નો ગર્વ લઈએ છીએ પણ હજારો સ્ત્રીઓ સામે થઈ રહેલ જાતિય હિંસા,અત્યાચાર અને બળાત્કારની ઘટનાઓ ને નજર અંદાજ કરી દઈએ છીએ જયાં દસ–બાર વર્ષની ઉંમરે છોકરીઓનાં લગ્ન કરાવી નાંખવામાં આવે છે,ગર્ભમા સ્ત્રીનો જીવ ઉછરી રહયો છે. તેની જાણ થતાંજ તેની હત્યા કરી નાંખવામાં આવતી હોય,બળાત્કારનો ભોગ બનેલી નિર્દોષ યુવતીને સમાજનું કલંક માનવામાં આવતી હોય તે સમાજ અઢારમી સદીનો હોય,નહિ કે એકવીસમી સદીનો.

આપણે એકવીસમી સદી તરફ પ્રગતિ નથી કરી રહયા,પરંતુ અઢારમી સદી તરફ પીછે કદમ કરી રહયા છીએ તેતો થોડા આંકડાઓ પર નજર નાંખતા જ સમજાઈ જશે. ભારતમાં સ્ત્રીઓ પરથતા વિવિધ ગુનાઓ બળાત્કાર, અપહરણ,છેડતી–મશ્કરી,મારઝૂડ,ખૂન,શારિરિક માનસિક સતામણી વગેરે માં છેલ્લા એક દાયકામાં એકાદ બે વર્ષના અપવાદોને બાદ કરતા સતત વધારો થતો જાય છે.નેવુંના દાયકાની શરૂઆતમાં જ દેશમાં સ્ત્રીઓના અપહરણ ના ૧૫,૭૭૧ કેસ નોંધાયા હતા,જયારે છેડતી અને સતામણી ના ૧૮,૦૨૫ કેસ નોંધાયા હતા.ભારતમાં દર વર્ષ ૨૦,૦૦૦૦૦ જેટલી સ્ત્રીઓ અને માસુમ બાળકી ઓ બળાત્કારનો ભોગ બને છે.

આજે બદલાયેલા પરિવેશની છાપ સમાજનાં અનેક ક્ષેત્રમાં નજરે પડી રહી છે.અને તેમાં સ્ત્રીઓ ની ભૂમિકામાં આવેલ પરિવર્તન ઉડીને આંખે વળગે તેટલું સ્પષ્ટ છે.એક જાગૃત મહિલા તરીકે આજે પરિવાર અને સમાજ બંને સ્ત્રી પાસેથી અનેક પ્રકારની અપેક્ષાઓ રાખી રહયા છે.આજની નારી શિક્ષિત અને સમજદાર હોવાથી સ્વાભાવિક રીતે જ અપેક્ષા રહે કે તે પોતાના પરિવાર અને બાળકોના આહાર અને આરોગ્યની ઉતમ કાળજી લે,બાળકોની અભ્યાસ અને શિક્ષણ સંબધિત બાબતોનું ધ્યાન રાખે,તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરે,પોતાની કારકિર્દીમાં સફળતા મેળવે અને પરિવારની આર્થિક વ્યવહારિક અને ભાવનાત્મક બાબતોની જવાબદારી પણ ઉઠાવે આ તો થઈ સમાજની આજ ની નારી પ્રત્યેની અપેક્ષાઓ ,પણ આજની નારી પોતે શું ઈચ્છે છે ?તેનો દ્રષ્ટિકોણ શો છે ? તે સમાજ પ્રત્યે શી અપેક્ષાઓ રાખે છે ? પરિવાર,કારકિર્દી,અંગત ઈચ્છાઓ આ બધામાં કોને પ્રાધાન્ય આપે છે ? કંઈ રીતે આટલી જવાબદારીઓ વહન કરે છે ? આ અંગે ભાગ્યે જ તેને પુછવા માં આવે છે.

પ્રત્યેક સ્ત્રી કોઈ વિશિષ્ટ શકિત લઈને આ જગત માં આવે છે. પરંતુ પોતાને મળેલ શકિત ને જાણ્યા વિના ઓળખ્યા વિના દેખાદેખીથી જીવન જીવવાનો પ્રયત્ન કરે છે.પરિણામે પોતાનામાં રહેલ સુષુપ્ત શકિતના વિકાસ માટે અભ્યાસ કરવાની અનિચ્છા તે બતાવે છે. તેથી જ તે સામાન્ય સ્ત્રી બની રહે છે અને જે બનવા માંગે છે તે બની શકતી નથી પણ પોતાનો ઉદાસીન ભાવ તજી શકે તો તે અંધારામાં પણ ડૂબકી મારી શકે છે.વૈશાખનાં તડકામાં પણ ગતિશીલ રહી શકે છે. અને જીવન રણમાં પણ આસાનીથી પોતાની નૌકા ચલાવી શકે છે.આ સમાજમાં ન્યાય અને સમાનતા મેળવવા નારીએ હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે.

**દયા સેંજલીયા,બંસીધર મહિલા બચત મંડળ રબારીકા.**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amereli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia. REGD. NO. GUJGUJ/1999/1521 DATE: 21-7-2000

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫
E-mail
hard@ad1.vsnl.net.in

**પંચાયતોમાં મહિલાઓની ભાગીદારી જરુરી.**